#027

🏆 સફળતા એટલે..

સફળતા એટલે માત્ર પૈસા, પદ કે પ્રસિદ્ધિ નથી.

જો તમને એ ખબર ન હોય કે..
તમે કોણ છો,
તમને શું ગમે છે,
તમારી શક્તિ અને મર્યાદા શું છે — તો મળેલી સફળતા પણ અંદરથી ખાલી લાગે છે.

ઘણા લોકો દોડે છે… પણ ક્યાં પહોંચવું છે એ ખબર નથી.
ઘણા જીતે છે… પણ શા માટે જીત્યા એ સમજાતું નથી.

પોતાને ઓળખવું એટલે
પોતાની કિંમત સમજવી
પોતાની અંદરની અવાજ સાંભળવો
બીજાની અપેક્ષા નહીં, પોતાની દિશા પસંદ કરવી

જ્યારે તમે પોતાને ઓળખો છો, ત્યારે
તમારા નિર્ણય મજબૂત બને છે,
તમારો આત્મવિશ્વાસ ભરપૂર બને છે,
અને તમારી સફળતા અર્થપૂર્ણ બને છે.

મિત્રો યાદ રાખીએ —
દુનિયાને જીતતા પહેલા, પોતાને જીતો. એજ સાચી સફળતાની શરૂઆત છે.